# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-12-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

******************************************************

- ✓ શાસક અને વિપક્ષોના આરોપ પ્રત્યારોપને પરિણામે આજે સંસદના બંને ગૃહોની કામગીરી ખોરવાઇ.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે પ્રયાગરાજમાં મહાકુંભ-2025નું ઉદઘાટન કરીને વિવિધ પરિયોજનાઓનુ લોકાર્પણ કરશે.
- ✓ દેશમાં પૂજાના સ્થળોના કાયદા હેઠળ હાલ પુરતી કોઈ નવી અરજી દાખલ કરાશે નહીં તેવો સુપ્રીમ કોર્ટનો આદેશ.
- ✓ નવેમ્બરમાં ભારતનો છૂટક ફુગાવો ઘટીને 5.48 ટકા થયો.
- ✓ ચીનના લિરેનને હરાવીને ભારતનો ડી. ગુકેશ બન્યો સૌથી નાની વયનો વિશ્વ ચેસ ચેમ્પિયન ..

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## EVE-PARLIAMENT

વિપક્ષ અને શાસક પક્ષના સાંસદો દ્વારા વિવિધ મુદ્દાઓ પર કરવામાં આવેલા આક્ષેપો અને પ્રતિ-આક્ષેપોએ આજે રાજ્યસભાની કાર્યવાહીને ખોરવી નાખી હતી. જો કે લન્ચ પહેલાના સત્ર દરમિયાન લોકસભામાં પણ વિક્ષેપ જોવા મળ્યો હતો, પરંતુ લન્ચના વિરામ બાદ લોકસભા સુચારૂ રૂપે ચાલી હતી.. ટ્રેઝરી બેન્ચે બંને ગૃહોમાં કોંગ્રેસના નેતાઓ અને યુએસ સ્થિત જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન વચ્ચેના કથિત સંબંધોનો મુદ્દો ઉઠાવ્યો હતો. દરમિયાન, વિરોધ પક્ષોએ સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માંગણી સાથે અદાણી જૂથ સામે લાંચના આરોપો અંગે વિરોધ કર્યો.

## SANSAD ON CONSTITUTION

સંસદના બંને ગૃહોમાં બંધારણ પર ચર્ચા માટે બે-બે દિવસનો સમય ફાળવવામાં આવ્યો છે. લોકસભામાં 13 અને 14 ડિસેમ્બરે જ્યારે રાજ્યસભામાં 16-17 ડિસેમ્બરે બંધારણ અંગે ચર્ચા કરવામાં આવશે.. આ દિવસો દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ કાયદાકીય કામકાજ પર ચર્ચા થવાની છે. જેને લઇને ભાજપ અને કોંગ્રેસે તેમના તમામ સાંસદોને વ્હિપ જારી કરીને સંસદમાં હાજર રહેવા જણાવ્યું છે..

સંસદનું શિયાળુ સત્ર 25 નવેમ્બરે શરૂ થયું હતું, જે 20 ડિસેમ્બર સુધી ચાલશે.

## PM-PRAYAG WITH V/C

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સંગમ નગરી પ્રયાગરાજની મુલાકાત લેશે અને 13મી જાન્યુઆરીથી શરૂ થનાર મહાકુંભ-2025નું ઔપચારિક ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે લગભગ 7 હજાર કરોડ રૂપિયાના મહાકુંભ પરિયોજનાઓનું પ્રધાનમંત્રી ઉદ્ઘાટન પણ કરશે.

પ્રસ્તુત છે એક વિશેષ અહેવાલ..

(વોઇસ કાસ્ટ- અજય ઇન્દ્રેકર )

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહાકુંભ 2025 માટે વિવિધ વિકાસ પરિયોજનાઓનું આવતીકાલે ઉદ્ઘાટન કરશે, જેમાં પ્રયાગરાજમાં આંતરમાળખાકીય સુવિધાઓને વેગ આપવા, સારી કનેક્ટિવિટી પૂરી પાડવા માટે 10 નવા રોડ, ઓવર બ્રિજ અને ફ્લાયઓવર, કાયમી ઘાટ અને રિવરફ્રન્ટ રોડ જેવા વિવિધ રેલ અને રોડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી મુખ્ય મંદિર કોરિડોર અને શ્રીંગવરપુર ધામ કોરિડોર, અક્ષયવત કોરિડોર, હનુમાન મંદિર કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી આશરે ત્રણ કલાક સુધી ત્રિવેણી સંગમ, અક્ષયવત અને હનુમાન મંદિરમાં પ્રાર્થના કરશે અને ગંગા પૂજન અને આરતી પણ કરશે. કુંભ મેળા વિસ્તારમાં રેલીને સંબોધિત કરશે..*

પ્રયાગરાજથી સુશીલ ચંદ્ર તિવારીના રિપોર્ટ સાથે સમાચાર વિભાગ માટે અજય ઇન્દ્રેકર

## REV SC - WORSHIP ACT

સર્વોચ્ચ અદાલતે આજે આદેશ આપ્યો છે કે દેશમાં પૂજાના સ્થળોના કાયદા હેઠળ કોઈ નવી અરજી દાખલ કરાશે નહીં.. સર્વોચ્ચ અદાલતે એવો પણ નિર્દેશ આપ્યો છે કે આ પડતર કેસોમાં, સુપ્રીમ કોર્ટના આગળના આદેશો સુધી કોઈ અંતિમ અથવા અસરકારક આદેશો અપાશે નહીં. મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સ્પેશિયલ બેન્ચે કેન્દ્ર સરકારને 1991ના કાયદાની માન્યતાને પડકારતી અરજીઓનો જવાબ ચાર અઠવાડિયામાં આપવા કહ્યું છે.

ન્યાયાધીશ સંજય કુમાર અને કે.વી. વિશ્વનાથનનો સમાવેશ કરતી બેંચે વકિલ કનુ અગ્રવાલ, વિષ્ણુ શંકર જૈન અને એજાઝ મકબૂલને આ મામલામાં નોડલ કાઉન્સેલ તરીકે નિયુક્ત કર્યા હતા.

## GUJRAT GYAN UTSAV

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના બીજી ટર્મમાં બે વર્ષ પુર્ણ કર્યા છે.. આ બે વર્ષની ઉજવણીના ભાગરૂપે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારી શક્તિની વિષય વસ્તુ પર ગ્યાન ઉત્સવ યોજાયો હતો.. આ પ્રસંગે મુખ્યમંત્રીએ બે વર્ષ સેવા, સમર્પણ અને સુશાનનાના શિર્ષક સાથેના એક પુસ્તકનું પણ ગાંધીનગર ખાતે વિમોચન કર્યું હતું.

(વોઇસ કાસ્ટ- અપર્ણા ખૂંટ- સંવાદદાતા- અમદાવાદ)

## INFLATION RATE DOWN

નવેમ્બરમાં ભારતનો છૂટક ફુગાવો ઘટીને 5.48 ટકા થયો હતો, જે ચાલુ નાણાકીય વર્ષના અગાઉના મહિનામાં 6.2 ટકા હતો. આંકડા અને

કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર, શહેરી વિસ્તારોમાં 4.83 ટકાની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવો 5.95 ટકા રહ્યો છે.

ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (CFPI) પર આધારિત નવેમ્બર 2024 માટે ખાદ્ય ફુગાવાનો દર અસ્થાયી ધોરણે 9.04 ટકા નોંધાયો છે, જે ઓક્ટોબરમાં નોંધાયેલા 10.9 ટકાથી ઓછો છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારો માટે અનુરૂપ ફુગાવાનો દર 9.1 ટકા અને 8.74 ટકા હતો.

## RAJNATH-ARMY CHIEF NEPAL

નેપાળના આર્મી ચીફ જનરલ અશોક રાજ સિગડેલે આજે નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન તેઓએ દ્વિપક્ષીય સંબંધોને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. શ્રી સિંહે નેપાળ આર્મીની ક્ષમતા વધારવા તેમજ સંરક્ષણ સાધનો અને સંસાધનો માટેની તાલીમ, નિયમિત કવાયતો, વર્કશોપ અને સેમિનાર સહિત સંરક્ષણ સહયોગના વિવિધ પાસાઓની ચર્ચા કરી હતી.

મંત્રીએ નેબરહુડ ફર્સ્ટ પોલિસીના અનુસંધાનમાં પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધોને મજબૂત કરવાના ભારતના ઈરાદાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે એમ પણ જણાવ્યું કે, નજીકના પડોશીઓ તરીકે, ભારત અને નેપાળ પારસ્પરિક પડકારો સંબંધિત ઘણા મુદ્દાઓ પર સમાન દ્રષ્ટિકોણ ધરાવે છે.

## REV. HOCKEY INDIA-PRASAR BHARATI

આગામી હોકી ઈન્ડિયા લીગના જીવંત પ્રસારણ માટે પ્રસાર ભારતીએ આજે નવી દિલ્હીમાં હોકી ઈન્ડિયા સાથે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ એમઓયુ સાથે, દૂરદર્શન હોકી ઈન્ડિયા લીગ-2024-25 માટે સત્તાવાર પ્રસારણ ભાગીદાર બની ગયું છે. આ લીગ ડિસેમ્બરની 28 તારીખથી ઓડિશાના રાઉરકેલા અને ઝારખંડના રાંચીમાં શરૂ થશે.

આ પ્રસંગે HIL ગવર્નિંગ કમિટીના સભ્ય ભોલા નાથ સિંહે જણાવ્યું હતું કે હોકી દેશની એકતા અને ગૌરવનું પ્રતીક પણ છે. પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહગલે એમઓયુને હોકીના ઈતિહાસમાં એક મોટા સીમાચિહ્નરૂપ ગણાવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે એમઓયુ હેઠળ રાષ્ટ્રીય રમત હોકી ગ્રામીણ ભારત સહિત સમગ્ર દેશમાં પહોંચશે.

**(બાઇટ- નવનીત સેહગલ, અધ્યક્ષ પ્રસાર ભારતી)**

પ્રસાર ભારતીના સીઈઓ, ગૌરવ દ્વિવેદીએ વ્યક્ત કર્યું કે દૂરદર્શનને હોકી ઈન્ડિયા લીગ સાથે ભાગીદારી કરવાનો વિશેષાધિકાર મળ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રસાર ભારતીના વ્યાપક કવરેજ દ્વારા હોકીને વધુને વધુ લોકપ્રિય બનાવવાનો છે. આ લીગમાં 8 પુરુષ ટીમો અને 4 મહિલા ટીમો ભાગ લેશે. સમજૂતીના કરાર પ્રસંગે, આકાશવાણી સમાચારના મહાનિર્દેશક ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌર, દૂરદર્શનના મહાનિર્દેશક કંચન પ્રસાદ, દૂરદર્શન સમાચારના મહાનિર્દેશક પ્રિયા કુમાર અને પ્રસાર ભારતી અને હોકી ઈન્ડિયાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## REV EVE CHESS WORLD CHAMPIONSHIP

ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડોમ્મારાજુ ગુકેશ આજે વિશ્વનો સૌથી યુવા ચેસ ચેમ્પિયન બન્યો છે. સિંગાપોરમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની ફાઇનલ મેચમાં ચીનના ડિંગ લિરેનને હરાવીને 18મી વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતીને ગુકેશે ઇતિહાસ રચ્યો હતો. અંતિમ રમતના પાંચમા કલાકમાં ડિંગે 55મી ચાલમાં એક ભૂલ કરી હતી જેના કારણે તેને મેચ અને તાજ ગુમાવવો પડ્યો હતો.

## NIA DETAIN 3 SUSPECTS IN MAHARASHTRA

રાષ્ટ્રીય તપાસ સંસ્થાએ મહારાષ્ટ્રના અલગ-અલગ સ્થળોએથી ત્રણ શકમંદોની અટકાયત કરી હતી..એનઆઇએ એ મહારાષ્ટ્ર એટીએસ સાથે મળીને ગુરુવારે અમરાવતી, ભિવંડી અને સંભાજીનગર વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા અટકાયત કરાયેલા ત્રણેય પર પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના સંપર્કમાં હોવાનો આરોપ છે. એનઆઈએ અને મહારાષ્ટ્ર એટીએસ, આ ત્રણેયની સઘન પૂછપરછ કરી રહી છે.

## J&K SECURITY FORCES

જમ્મુ અને કાશ્મીરમાં, સુરક્ષા દળોએ, એક સંયુક્ત ઓપરેશનમાં, રિયાસી જિલ્લામાં એક આતંકવાદીઓના છુપા ઠેકાણાનો પર્દાફાશ કર્યો હતો.

આકાશવાણી જમ્મુ સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળો દ્વારા રિયાસી જિલ્લાના મહોર તાલુકાના લાપરી વિસ્તારમાં એક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, આ દરમિયાન આતંકવાદીઓના છુપાવાના સ્થળની શોધી લેવામાં આવ્યું હતું. આ સ્થળ પરથી  સુરક્ષા દળોએ મોટી માત્રામા હથિયારો અને દારૂગોળો ઝડપ્યો હતો.